# શહેરમાં મોહર્રમ નિમિત્તે તાજીયાં જુલુસ

**કોરોના મહામારીના લાંબા ગાળા બાદ તાજીયા જુલુસ યોજાયા : મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ જોડાઈને માતમ મનાવ્યો : જુલુસના માર્ગમાં ઠંડા પીણાં અને શરબતની વ્યવસ્થા કરાઈ**



ગાંધીનગર, તા. ૯

ઈસ્લામ ધર્મના પયંગબર હજરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ના દોહિત્ર હજરત મૌલાઅલીના પુત્ર યઝીદ સાથે જંગ કરીને પોતાના ૭૨ જાનીસાર સાથીઓ સાથે વ્હોરેલી શહીદીની યાદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા દર વર્ષે માતમ મનાવાય છે અને યત્મે આશુરા મોહર્રમ નિમિત્તે તાજીયાં શરીફનું જુલુસ યોજવામાં આવે છે. આજે મોહર્રમ નિમિત્તે ગાંધીનગરમાં સેક્ટર-૨૯, સેક્ટર-૨૪, ચરેડી વિસ્તાર વગેરેમાં તાજીયાં જુલુસ યોજાયાં હતા જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ જોડાઈને માતમ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં કોરોના મહામારીના કારણે લાંબા સમય બાદ તાજીયા જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉ બે વર્ષ આ જુલુસ મોકુફ રખાયુ હતું. તાજીયા જુલુસના માર્ગમાં ઠેક ઠેકાણે ઠંડા પીણા-શરબત વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ દિવસે મુસ્લિમ બિરાદરોએ ખાસ દુઆ-નમાઝ પણ અદા કરી હતી. તાજીયા જુલુસમાં શહેરના મુસ્લિમ સમાજના અગ્રણીઓ પણ જોડાયા હતા.

# જિલ્લો રોગચાળાના ભરડામાં ધીમી ગતિએ પીસાઈ રહ્યો છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત વાદળછાયુ અને ભેજવાળુ વાતાવરણ રહેતુ હોવાથી રોગચાળાનો ભય સતત વધી રહ્યો છે. શહેર-જિલ્લામાં વાઈરલ ફિવરની બિમારી ઉપરાંત કોરોના, વાહકજન્ય રોગચાળાના કેસો સતત સામે આવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં મેલેરિયાના કેસોમાં અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ મેલેરિયાના કેસોમાં આ વખતે વધારો જોવા મળી રહ્યો છે. શહેર-જિલ્લામાં મચ્છરોની ડેન્સીટી વધી છે. બીજી તરફ આરોગ્ય કર્મીઓની હડતાલ અને વેક્ટર બોર્ન માટેની કંટ્રોલ ટીમોની અછત હોવાથી તંત્ર માટે રોગચાળાને પહોંચવા માટેનો પડકાર ગંભીર સમસ્યા બનીને ઉભરી રહેલ છે.

ખંડીય વૃષ્ટિને કારણે અને વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે ગંદકી તેમજ પાણીના ખાબોચિયાઓ વધવા પામ્યા છે અને વાતાવરણ મચ્છરોની ઉત્પત્તિને સાનુકૂળ બની રહ્યુ છે. હેલ્થના નિયમો શહેરની મનપા દ્વારા સરકારમાં મોકલવામાં આવ્યા છે પણ તે મંજૂર થઈ હજુ આવ્યા નથી તેથી તંત્ર કાગળના વાઘ જેવુ બની ગયુ છે.

શહેર-જિલ્લામાં કન્સ્ટ્રકશન સાઈટો ૧૭૦થી વધુ હાલ ચાલુ છે અને ત્યાં પણ મચ્છરોની ઉત્પત્તિ સતત જોવા મળી રહી છે. જિલ્લામાં મેલેરિયા અધિકારીની જગ્યા હાલ ચાર્જમાં ચાલે છે. મેલેરિયાની કામગીરી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અસરકારક રીતે થઈ રહી નથી.

બીજી તરફ કોરોનાની ચોથી લ્હેર અને સ્વાઈન ફલુના કેસો જે રીતે વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં અધિકારીઓ પણ કચેરીઓમાં માત્ર બેસી અને મોનીટરીંગ કરી રહ્યા છે.

જિલ્લામાં સંચારી રોગોની બેઠક બોલાવવામાં પણ ઉદાસીનતા જોવા મળી રહી છે. હાલ ચોમાસુ ચાલી રહ્યુ છે અને વરસાદની ગત વર્ષે ૨૧ ટકા ઘટ સામે આ વખતે ખંડીય વૃષ્ટિ વચ્ચે વરસાદ અગાઉના વર્ષોની તુલનામાં વધુ નોંધાયો છે. પરંતુ ચોમાસુ ઋતુને ધ્યાને લઈ તંત્રએ કોઈ ખાસ એકશન પ્લાન પાણીજન્ય કે વાહકજન્ય રોગચાળા માટે તૈયાર કર્યો હોય તેવુ જણાયુ નથી કે જવાબદારો દ્વારા પણ આ અંગે મૌન સેવવામાં આવી રહ્યુ છે.

જિલ્લાના વડાઓ પણ ગ્રામ્ય વિસ્તારના પ્રવાસમાં જવાનું ટાળી રહ્યા છે એટલુ જ નહિ ગ્રામીણ વિસ્તારના તંત્રના વડાઓનો સંપર્ક સેતુ હોય તેવુ પણ ચિત્ર જોવા મળતુ નથી. પાણી ભરાઈ જવાના મુદ્દે અધિકારીઓને ફોન કરવા છતાં અધિકારીઓ ફોન નહિ ઉપાડતા હોવાની વાતો અખબારોના પાને ચમકી ચુકી છે.

# ગુડાની વિવિધ પાંચ ટીપી સ્કીમમાં ૧૩ બગીચાઓના નિર્માણનુ કામ અધ્ધરતાલ

**અગાઉ બોર્ડ બેઠકમાં નિર્ણય લેવાયો હતો પરંતુ ઉદ્યાનોના નિર્માણ સંદર્ભે હજુ સુધી કામગીરી હાથ ધરવામાં આવી નથી : ડિઝાઇન તૈયાર અંદાજિત ૧૩.૫૦ કરોડનો ખર્ચ કરવાનુ આયોજન**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ પાંચ નગર રચનામાં નવા ઉદ્યાનોનુ નિર્માણ કરવા માટે અગાઉ મળેલી બોર્ડ બેઠક દરમિયાન નિર્ણય લેવાયો હતો જેમાં અંદાજિત રૂ ૧૩.૫૦ કરોડના ખર્ચે નવા ૧૩ બગીચા બનાવવા માટે આયોજન કરાયુ હતુ. આ બગીચાઓને અનુલક્ષી ડિઝાઈન પણ તૈયાર કરી દેવામાં આવી છે. પરંતુ ભાવ વધારા સહીત ક્વોરી ઉદ્યોગની હડતાળમાં કામ વિલંબમાં પડયા બાદ હજુ સુધી વિવિધ ટી પી વિસ્તારમાં ઉદ્યાનો નિર્માણ કરવાની યોજનાનુ કામ શરૂ કરવામાં આવ્યુ નથી.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના વિવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં વિવિધ ટી પી વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન, નર્મદાના પાણી સપ્લાય કરવા સહીત રસ્તા નિર્માણ અને સ્ટ્રીટ લાઈટના નવા પોલ્સ પણ નાંખવાનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. જયારે માળખાગત સુવિધાના કામો ઉપરાંત ગાંધીનગરની જેમ ગુડા વિસ્તારમાં પણ ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે નવા બગીચાઓ બનાવવા માટે પણ નિર્ણય લેવાયો છે. ગુડાની અગાઉ મળેલી બોર્ડ બેઠકમાં કુડાસણ, સરગાસણ, ધોળાકુવા વિસ્તારને સમાવતી નગર રચના નં -૬ તેમજ સરગાસણ, કુડાસણ અને પોર વિસ્તારને સમાવતી ટી પી સ્કીમ નં -૭ માં વાસણા હડમતિયા, સરગાસણ, ઉવારસદ, અને

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ બે કેસ નોંધાયા

**એક મહિલા અને એક બાળકને સ્વાઈન ફલુ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે સ્વાઈન ફલુના વધુ બે કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કોરોનાના કહેર વચ્ચે સ્વાઈન ફલુના કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્ર સામે નવો પડકાર ઉભો થયો છે. આજે નોંધાયેલા બે કેસ સાથે કુલ દર્દીની સંખ્યા ૮ પર પહોંચી છે.

આરોગ્યતંત્રએ સિઝનલ ફલુના મળી રહેલા કેસોને પગલે અલાયદો રોડમેપ તૈયાર કરી દીધો છે. સર્વેલન્સ દરમ્યાન આ અંગેના શકમંદ કેસો મળે તો તાત્કાલિક તેમના ટેસ્ટ કરાવવાની સૂચના આપવા ઉપરાંત નોંધાયેલા દર્દીઓના સંપર્કમાં આવેલા લોકો પર પણ નજર રાખવા જણાવવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં એક અને ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં એક-એક કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરના સે. ૨૨માં ૪૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલમાં ૭ વર્ષીય બાળકનો સ્વાઈન ફલુનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આરોગ્યતંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર મેદરાના દર્દીને રજા આપવામાં આવી છે.



આગામી સ્વાતંત્ર્ય દિવસ એક વિશેષ મહત્વ સાથે આવી રહ્યો છે જ્યારે અંગ્રેજોથી સ્વતંત્રતાના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે ''હર ઘર તિરંગા'' અભિયાન ચાલી રહ્યું છે. જેના કારણે રાષ્ટ્રધ્વજની માંગ ખૂબ વધી જવા પામી છે. શહેરના માર્ગો પર રાષ્ટ્રધ્વજ વેચતા હારબંધ ફેરિયાઓ જોવા મળી રહ્યા છે.

# શહેર-જિલ્લામાં કોરોનામાંથી ૭૫ દર્દી રિકવર થયા : નવા ૨૮ કેસ

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૫, કલોલમાં ૨ અને માણસામાં ૪ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરમાં આજે સરગાસણમાં ૫ કેસ, સે. ૫ અને સે. ૨૦માં ૨-૨ કેસ તેમજ સે. ૧, ૮, ૨૧, ૨૪ અને રાંદેસણ, રાયસણ અને સુઘડ ગામેથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ છે. શહેર-ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં થઈ રહેલા ચડાવ-ઉતારને લઈ તંત્રની ચિંતા યથાવત્ રહી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૧૬ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૨ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં રિકવરી ઝડપી બની છે. શહેર-જિલ્લામાં આજે ૭૫ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૪૧ દર્દીઓ રિકવર થયા છે તો ગ્રામ્યમાં ૩૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટવાને બદલે સ્થિર થયુ છે અને નવા-નવા વિસ્તારો સંવેદનશીલ બનીને ઉભરી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા દર્દીઓ લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

રિકવરી રેટ સારો હોવાથી તેમજ હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. કેસોમાં જે ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે તેને લઈ તંત્રએ સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા પર ભાર મુક્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૧૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા અને ૨ દર્દી ૬૦થી વધુ વયના છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૫, કલોલમાં ૨ અને માણસામાં ૪ કેસ નોંધાયા છે.

દહેગામના જીવરાજના મુવાડા ગામેથી એક ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ તાલુકાના અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

ગાંધીનગર તાલુકામાં આજે ઉવારસદ ગામમાંથી ૪ કેસ નોંધાયા છે. છેલ્લા થોડાક દિવસોથી ઉવારસદ ગામમાં કોરોનાના કેસો ૧૫ થી વધુ નોંધાતા તંત્રની ચિંતા વધી છે. છાલા પછી હવે

● અનુસંધાન પાન-૭ પર

**સ્માર્ટ બનતા ગાંધીનગરમાં**

# આંખોને ઠંડક આપતી હરિયાળી સાથે મોકળાશ આપતા મેદાનો પણ છીનવાયા

**એક સમયે ધાર્મિક સાંસ્કૃતિક કે રાજકીય કાર્યક્રમના ઉપયોગમાં લેવાતા મેદાનો પણ નગરની આગવી ઓળખ ગણાતા હતા : આ મેદાનોના સ્થાને હવે નતનવા બિલ્ડીંગો અસ્તિત્વમાં આવી રહ્યા છે : ઉજ્જડ અને વેરાન બનતા સ્માર્ટ ગાંધીનગરની નવી ઓળખ નગરજનોને ખુંચે છે**



ગાંધીનગર તા ૯

નવી ઈમારતો અને પહોળા રોડ રસ્તા સાથે સ્માર્ટ બનતુ ગાંધીનગર ગીચતામાં ગરકાવ થઈ રહ્યુ છે. શહેરને સ્માર્ટ બનાવવા ડગલે ને પગલે હરિયાળીનો સોથ વાળવામાં આવી રહ્યો છે જયારે સેકટરોમાં મોકળાશ આપતા મેદાનો પણ હવે છીનવાઈ રહ્યા છે. નવા બિલ્ડીંગો અસ્તિત્વમાં આવતા નગરજનોને મોકળાશ આપતા વિશાળ ખુલ્લા મેદાનોનુ અસ્તિત્વ ભુંસાઈ રહ્યુ છે. સે-૧૭ ના હેલીપેડ મેદાનથી શરૂ કરીને સે-૧૧ અને સે-૨૨ સહીત સે-૬ માં પણ હવે મેદાન રહ્યા નથી અગાઉ અનેકવિધ ધાર્મિક, સાંસ્કૃતિક કે રાજકીય કાર્યક્રમો માટે ઉપયોગમાં લેવાતા મેદાનો માથે નવી ઈમારતો ઉભી કરવામાં આવી રહી છે. ઉજ્જડ અને વેરાન બનતા સ્માર્ટ ગાંધીનગરની નવી ઓળખ નગરજનોને ખુંચી રહી છે.

એક જમાનામાં વિશ્વમાં સૌથી હરિયાળા શહેર તરીકે ઓળખાતુ ગાંધીનગર સ્માર્ટ બનવા માટે હરિયાળી અને મોકળાશ ગુમાવી રહ્યુ છે. વિકાસ કામોના ઓવારણા લેવાના તંત્રના સ્માર્ટ અભિગમ વચ્ચે શહેરમાં રોડ એન્જિયરીંગમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. જયારે ગઈકાલનુ હરિયાળુ ગાંધીનગર આજે સિમેન્ટ કોંક્રીટનુ જંગલ બની ગયુ છે. હરિયાળી ગુમાવાની સાથે શહેરના માર્ગો ટ્રાફિકથી ભરચક થવાની સાથે ખુલ્લા મેદાનો પણ પોતાનુ અસ્તિત્વ ગુમાવી રહ્યા છે. નગરની હરિયાળી સાથે ખુલ્લા પહોળા રસ્તા અને મેદાનો પણ નગરની આગવી ઓળખ ગણાતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરમાં અનેકવિધ નવી યોજનાઓ અમલી બનતા હવે સેકટરોમાં ગીચતા વધી રહી છે. જેની સાથે ખુલ્લા મેદાનોમાં પણ નવા બિલ્ડીંગો આકાર લઈ રહ્યા છે. સેકટરોમાં અનેક રીતે ઉપયોગમાં લેવાતા આ મેદાનો હવે મળવા મુશ્કેલ છે. કોઈ ધાર્મિક કે રાજકીય કાર્યક્રમ અગર બાલનગરી કે જાહેર સભા જેવા આયોજનો માટે હવે જગ્યા શોધવી મુશ્કેલ બની છે. શહેરની આગવી ઓળખ સમા હેલીપેડ મેદાનમાં એક્ઝિબ્યુશન સેન્ટર ઉભુ કરી દેવાતા શહેર વચાળે આખી ખુલ્લી જગ્યા પેક થઈ ગઈ છે. શહેરના સે-૬ ના મેદાનમાં નવા કોર્મશિયલ કોમ્પલેક્ષો બનતા જાય છે. સે-૧૧ ના રામકથા મેદાનમાં પણ હવે કોર્ટ બિલ્ડીંગ બનાવાની યોજના તૈયાર કરી દેવામાં આવી છે. જયારે ચ-૩ લાયન્સના ગરબા જયાં થતા હતા તે ખુલ્લા મેદાનની જગ્યા પણ ટોરેન્ટ પાવરને ફાળવી દેવામાં આવી છે. જયારે સે-૨૨ માં પણ શોપિંગ સામે સ્થિત વિશાળ મેદાનમાં ફાયર બ્રિગેડે ડેરા તંબુ

● અનુસંધાન પાન-૭ પર

# જોખમી બ્લોકની સાથે રહેણાંકને લાયક મકાનોનો પણ કડસુલો થતો હોવાનો આક્રોશ

**સેકટરોમાં જોખમી આવાસો તોડવાની કામગીરી દરમિયાન એકાદ મકાન જોખમી હોય તો પણ આખો બ્લોક નિકાલ હેઠળ કરી દેવાતા મકાનોની ઘટનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે**

ગાંધીનગર તા ૯

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો વર્ષોના અંતે જોખમી બન્યા છે. જયારે જોખમી મકાનો તબક્કવાર તોડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કેટલાક મકાનો રીનોવેશન હેઠળ પણ સમાવેશ કરવામાં આવે છે. પરંતુ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના બ્લોકમાં જોખમી મકાનોની સાથે રહેણાંકને લાયક હોય તેવા મકાનોનો પણ કડુસલો કરી દેવામાં આવતો હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જયારે આ સ્થિતિ વચ્ચે આવાસોની ઘટનો પ્રશ્ન વધુ ગંભીર બન્યો છે.

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. જો કે વર્ષોના અંતે કંગાળ હાલતમાં જોવા મળતા જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી હાલની સ્થિતિએ શહેરમાં અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી હાલતમાં છે. જયારે સેકટરોમાં તબક્કાવાર જોખમી મકાનો તોડવાનુ પણ કામ ચાલી રહ્યુ છે. શહેરના સેકટરોમાં અંદાજિત ૮ હજાર જેટલા મકાનોમાં કર્મચારીઓના પરિવારનો વસવાટ છે. પરંતુ હાલ પણ આવાસોની માંગ વધુ છે. પરંતુ વિવિધ કક્ષાના આવાસો ઉપલબ્ધ ન હોવાના લીધે માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની યાદી પણ મોટી થતી જાય છે. આવા સંજોગોમાં નવા મકાનો બાંધવાની યોજના સંદર્ભે પણ ઝડપથી કામ હાથ ધરવામાં આવતુ નથી શહેરમાં સે-૭, સે-૬ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવી છે. જયારે અન્ય સેકટરોમાં જુના અને જર્જરિત મકાનોનો કડુસલો કરવામાં આવ્યા બાદ પણ

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગર-તારાપુર બ્રિજ પર આજે બે ગાડીઓ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં એકનું માત થયું હતું. ગાડીની પાછળ અનેક ગાડીઓ ધડકાભેર અથડાઈ હતી. ગાડીનો કચ્ચરઘાણ બોલી ગયો હતો

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com